ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૨૪ ટકા

# શહેરમાં મોબાઈલ લુંટી જતી ગેંગનો પર્દાફાશ

## હાથમાંથી ચાલુ વાતે મોબાઈલ લુંટતા બે શખ્સોને શાહપુર સર્કલથી એલસીબીએ નંબર પ્લેટ વગરના બાઈક સાથે પકડી પાડયા : છ ગુનાના ભેદ ઉકેલાયા



ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર આસપાસના વિસ્તારોમાં હાથમાંથી ચાલુ વાતે મોબાઈલ ઝુંટવીને લુંટ ચલાવી બાઈક પર રફફુચક્કર થઈ જતી ગેંગ સક્રિય થઈ હતી. ગાંધીનગર એલસીબીની ટીમે શાહપુર સર્કલ નજીકથી આ ગેંગના કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોર સહિત બે શખ્સોને પકડી પાડયા છે. કુડાસણ આસપાસમાંથી ત્રણ, કલોલ શહેરમાં બે અને કડી વિસ્તારમાં એક એમ કુલ છ ગુનાઓનો ભેદ ઉકેલવા પામ્યો છે. એલસીબીએ લુંટના છ મોબાઈલ તથા ચોરીનું એક બાઈક રીકવર કરી વધુ પુછપરછ શરુ કરી છે.

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતે તેમની ટીમને ચાલતા જતા નગરજનોના હાથમાંથી ચાલુ વાતે મોબાઈલની લુંટ કરી જતી રહેતી ગેંગને પકડવા બાતમી મેળવવા સુચના આપી હતી. દરમિયાન આજે પીએસઆઈ એચ.કે. સોલંકી તથા કે.જે. રાઠોડ તેમની ટીમ સાથે ગાંધીનગર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે હેડ કોન્સ્ટેબલ રમેશભાઈને મળેલી બાતમીને આધારે શાહપુર સર્કલ પાસેથી નંબર પ્લેટ વગરના બાઈક પર જતા મહેસાણા કડી વિસ્તારના તાંબોડી વાસના સાહીલ અબ્દુલ કલાલ અને એક કિશોરને પકડી પાડયા હતા. તેમની પાસેથી છ નંગ મોબાઈલો મળી આવ્યા હતા. બાઈક કે મોબાઈલોના કોઈ જ આધાર પુરાવા તેમની પાસેથી મળી ન આવતા ઉંડાણપૂર્વક પુછપરછ કરતા કલોલ શહેરના હીના ફલેટ પાસેથી બાઈક ચોર્યું હોવાનું અને ચાલુ વાતે હાથમાંથી મોબાઈલો લુંટયા હોવાનું બંનેએ કબુલ્યું હતું. લુંટના છ મોબાઈલો અને ચોરીનું બાઈક રીકવર કરી એલસીબીએ વધુ તપાસ હાથ ધરી છે.

## @ગાંધીનગર

● સેકટર-૨ સ્વામિનારાયણ મંદિર ખાતે રાત્રે ૮.૧૫ થી ૧૦.૩૦ દરમ્યાન ધીરજાખ્યાન પંચાન્હ પારાયણ યોજાશે.

● સેકટર-૨૬ ભવનાથ મહાદેવ ખાતે રામદેવ પારાયણ કથા સવારે ૯ થી ૧૨ અને સાંજે ૮ થી ૧૧ કલાક દરમ્યાન યોજાશે.

● ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરીના મોડેલ કેરિયર સેન્ટર દ્વારા સે-૨૩માં કડી કેમ્પસના એસ.કે. પટેલ બિલ્ડીંગ ખાતે સવારે ૯.૩૦ થી બપોરના ૩.૩૦ કલાક દરમિયાન મેગા જોબ ફેર યોજાશે.

# આજે હેપ્પી યુથ કલબ દ્વારા સ્વૈચ્છિક રકતદાન શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરની હેપ્પી યુથ કલબના દ્વિતિય સ્થાપના દિન નિમિત્તે ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેંકના સૌજન્યથી આવતી કાલે તા. ૧૯મી મે શુક્રવારના રોજ સ્વૈચ્છિક રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ રકતદાન કેમ્પ સેકટર-૧૬માં ગાંધીનગર નાગરિક બેંકની હેડ ઓફિસના ત્રીજા માળે સ્થિત તાલીમ હોલ ખાતે સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન યોજાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં અત્યારે રકત પુરવઠાની અછતની પરિસ્થિતિ છે. એક રકતદાતા રકતદાન થકી ત્રણ જીંદગી બચાવી શકે છે. આ સંજોગોમાં વધુને વધુ રકતદાતાઓ રકતદાન કરે તે જરુરી બન્યું છે. હેપ્પીયુથ કલબ રકતદાન ઉપરાંત યુવા પ્રવૃત્તિ, રમતગમત, વન્યજીવ સંરક્ષણ, પર્યાવરણ તથા સામાજિક જાગૃતિ સહિત અનેક પ્રકારના સામાજિક કાર્ય માટે છલ્લા એક વર્ષથી કાર્યરત છે. આ રકતદાન કેમ્પનું આયોજન હેપ્પી યુથ કલબ દ્વારા ગાંધીનગર નાગરિક બેંક ઉપરાંત ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી કરવામાં આવ્યુ છે. જેમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલની તબીબી ટીમ રકત એકત્ર કરવાની સેવાઓ પુરી પાડશે. આ શિબિરમાં વધુનો વધુ રકતદાતાઓએ જોડાઈ રકતદાનનું સદકાર્ય કરવા આહવાન કરવામાં આવ્યું છે.

**ગાંધીનગર નાગરિક કો-ઓપ બેંકના સૌજન્યથી રકતદાન શિબિર યોજાશે : શહેરના યુવા રકતદાતાઓને જોડાવા આહવાન**

# સે-૨૪ ઈન્દીરાનગર ખાતે ગટર ઉભરાતા રહીશો ત્રાહીમામ



ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના સે-૨૪ ઈન્દીરાનગરમાં ગટર ઉભરાતા સ્થાનિક રહીશો ત્રાહીમામ પોંકારી ઉઠયા છે. ગટરના પાણી માર્ગો પર ફરીવળતા ગંદા પાણીના ખાબોચીયા ઠેરઠેર ભરાયેલા જોવા મળે છે. ગંદકીને પગલે મચ્છરોના ત્રાસ વધતા સ્થાનિક રહીશોના આરોગ્ય સામે પણ પ્રશ્નાર્થ ઉભો થવા પામ્યો છે. સ્થાનિક તંત્ર અને વોર્ડના કોર્પોરેટરને કહેવા છતા હજુ સુધી સમસ્યાનું સમાધાન થવા પામ્યું નથી તેવું નાગરીકો જણાવી રહ્યા છે. તંત્રના બહેરા કાને તેમની રજુઆત સંભળાતી નથી ત્યારે ઈન્દીરાનગરમાં રહેતા શ્રમિક પરિવારો ગંદકી વચ્ચે રહેવા મજબુર બન્યા હોય તેવું લાગી રહ્યું છે.

ગાંધીનગર શહેરના સેકટરોમાં ગટરો ઉભરાતી હોવાના દ્રશ્યો હવે સામાન્ય બની જવા પામ્યા છે. ગટરોના ગંદા પાણી માર્ગો પર ફરી વળતા ઠેરઠેર ખાબોચીયા ભરાય છે. સેકટર-૨૪ ટેલીફોન કોલોની પાસે આવેલ ઈન્દીરાનગર વસાહતમાં છેલ્લા કેટલાય સમયથી ગટર ઉભરાય છે. આ વિસ્તારમાં ગટરના દુર્ગંધ મારતા પાણીને પગલે મચ્છરોનો ઉપદ્રવ વધી જવા પામ્યો છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં રાત્રીના સુમારે બહાર સુઈ રહેતા નાગરીકોને મચ્છરોના ત્રાસથી ઉજાગરા કરવા પડે છે. જયારે મચ્છરોને પગલે આ વિસ્તારના નાગરીકોના આરોગ્ય સામે ખતરો મંડરાઈ રહ્યો છે. ઈન્દીરાનગરના વસાહતીઓએ તંત્ર અને સ્થાનિક કોર્પોરેટરોનું પણ ધ્યાન અનેકવાર દોર્યું છે, છતા હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી. સ્થાનિક નાગરીકોના જણાવ્યા મુજબ સ્થાનિક કોર્પોરેટરે ગટરને અનુલક્ષી સમારકામ કરાવ્યું હતું. પરંતુ અન્ય ગટર સાથે જોડાણ કરવામાં ન આવતા ગટરોના પાણી બહાર નીકળતા ગંદા પાણીના સરોવર ભરાય છે. તો બીજીતરફ ઈન્દીરાનગરમાં ખુબ જ ઓછા ફોર્સથી પાણી આવતું હતું. જયારે છેલ્લા ઘણા સમયથી પાણી પણ અન્ય સ્થળેથી ભરીને લાવવું પડે તેવી સ્થિતિ સર્જાતા વસાહતીઓ હેરાન થઈ ગયા છે. ત્યારે સેકટર-૨૪ ઈન્દીરા નગરમાં પાણી અને ઉભરાતી ગટર બંધ થાય તેવું સ્થાનિક નાગરીકો ઈચ્છી રહ્યા છે.



રાજ્યનું રળિયામણું પાટનગર જે સ્થળે વિકાસ પામ્યું છે તે મૂળભૂત રીતે જંગલનો વિસ્તાર હતો. આ કારણે ગ્રીનસીટી ગાંધીનગરમાં અનેક વૃક્ષો એવા છે જેની ઉંમર ખૂબ વધુ છે. આવા કેટલાક વૃક્ષો મૂળમાંથી નબળા પડવાથી જોખમરૂપ બની જતા હોય છે. સેક્ટર-૨૨માં આર્યુવેદિક હોસ્પિટલ નજીક આવા જોખમી બનેલા વૃક્ષોને કોઈ દુર્ઘટના સર્જાય તે પહેલા સાવચેતીરૂપે હટાવી લેવાનુ કાર્ય વન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવ્યુ હતુ.

## વાતવાતમાં

● દહેગામમાં એક કોલેજિયન યુવતિ તેના પ્રેમી સાથે ફરાર થઈ ગઈ છે. આ યુવતિના પિતાએ તેના પર રૂ. ૩ લાખના દાગીના ચોરી જવાના આરોપ સાથે પોલિસ ફરિયાદ નોંધાવી છે.

● સે-૩-ન્યુ નજીક એક બાઈક સવારને કાર સાથે અકસ્માત થવા પામ્યો હતો. આ અકસ્માતના પગલે બાઈક સવારને ઈજાઓ થતા સરવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

●ગાંધીનગર એસટી ડેપોમાં આવતી જતી એસટી બસોના આગળ પાછળ બંને સાઈટ રૂટના બોર્ડ બરાબર લગાડાયા છે કે નહીં તેની તકેદારી લેવાય છે. જો પાછળનું બોર્ડ ના લગાડયું હોય તો કડંકટરને અને આગળનું બોર્ડ ના લગાડાયેલું હોય તો ડ્રાઈવરને દંડ કરવામાં આવી રહ્યો છે.

# ગાંધીનગર મેડીકલ કોલેજમાં પીજીની બેઠકો માટે એમસીઆઈનું ઈન્સ્પેકશન

## માઈક્રો બાયોલોજી અને પેથોલોજી વિભાગનું ઈસ્પેકશન પૂર્ણ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કાર્યરત મેડીકલ કોલજમાં પીજીનો અભ્યાસક્રમ શરુ કરવા અંગે ૧૩ વિવિધ ડીપાર્ટમેન્ટની દરખાસ્ત દિલ્હી ખાતે કરવામાં આવી હતી. જેને પગલે આજે માઈક્રોબાયોલોજી અને પેથોલોજી ડિપાર્ટમેન્ટમાં એમસીઆઈની ટીમ ચેકીંગ અર્થે આવી હતી. ટીમે તમામ વિભાગમાં ફરીને ડોક્યુમેન્ટ અને જરુરી ચીજવસ્તુનું ઈન્સ્પેકશન કર્યુ હતું. જયારે છેલ્લા ઘણા સમયથી એમસીઆઈની ટીમ રાહ જોતા અધિકારી-કર્મચારીઓ પણ દોડતા થઈ ગયા હતા. જયારે હોસ્પિટલમાં સવારથી જ ચહલ પહલ વધી જવા પામી હતી. પરંતુ માત્ર બે વિભાગની ટીમ આવી હોવાથી હોસ્પિટલ તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

ગાંધીનગર મેડીકલ કોલેજને પાંચ વર્ષ પૂર્ણ થઈ ગયા છે. મેડીકલ કોલેજની તબિબોની પ્રથમ બેચ બહાર પડી ગઈ છે. કોલેજ દ્વારા પોસ્ટ ગેજ્યુએટના કોર્ષ માટે દિલ્હી ખાતે દરખાસ્ત કરવામાં આવી હતી. મેડીસીન, ગાયનેક, ઈએનટી, સ્કીન, પેથોલોજી, સર્જરી, ઓપ્થોલોજી સહિત વિવિધ ૧૩ ડિપાર્ટમેન્ટમાં પીજીના કોર્ષ શરુ કરવા માટે કરાયેલી દરખાસ્તને અનુલક્ષીને એમસીઆઈની ટીમ દ્વારા આજ માઈક્રોબાયોલોજી અને પેથોલોજી લેબનું નિરીક્ષણ કરાયું હતું. એમસીઆઈની ટીમમાં આવેલ નિષ્ણાંત તબિબોએ વિભાગમાં ફરીને તમામ વિગત મેળવી હતી. દર્દીના સેમ્પલ ટેસ્ટ કરવા માટેના જરુરી સાધનો પણ ચેક કર્યા હતા. સ્ટાફ અને દર્દીઓની સંખ્યા સહિત લેબ માટેની અનુકુળ જગ્યા છે કે નહી તે સહિતનું નિરીક્ષણ કર્યુ હતું.ઉપરાંત કોલેજના ડીન પાસેથી દર્દીઓની સંખ્યા અને બિમારીઓના પ્રકાર અંગેની ચર્ચા પણ ટીમ દ્વારા કરાઈ હતી. ગાંધીનગર મેડીકલ કોલેજ દ્વારા કરવામાં આવેલ ૧૩ વિભાગની દરખાસ્ત સામે ૨ વિભાગનું ઈન્સ્પેકશન આજે પૂર્ણ થવા પામ્યું છે. જયારે આગામી સમયમાં અન્ય વિભાગોનું પણ એમસીઆઈનું ઈન્સ્પેકશન આવશે. કોલેજમાં બે વિભાગનું ઈન્સ્પેકશન પૂર્ણ થતા હોસ્પિટલ તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

## સે-૩ બી માં રાત્રીના સમયે લાઈટ ગુલ

સમગ્ર રાજય કરતા ગાંધીનગર શહેરમાં સૌથી વધુ ગરમી પડી રહી છે. નગરજનો ગરમીથી બચવા માટે ઘરમાં એસી, કુલર અને પંખા સહિતના ઉપકરણો સામે બેસી જઈને ગરમીથી રાહત મેળવવા પ્રયાસો કરી રહ્યા છે. ત્યારે ગત્ રાત્રીને નગરના સેકટર-૩ બીમાં રાત્રીના ૧૧.૩૦ ના સુમારે લાઈટો ગુલ થઈ જતા નાગરીકો ગરમીમાં બહાર દોડી આવ્યા હતા. ગરમીની સિઝનમાં સવારથી સાંજ નોકરીની દોડધામમાં ઘરે આવીને શાંતિથી નીંદર માણી રહેલા બાળકો, યુવાનો, ભાઈ-બહેનો અચાનક લાઈટ જતી રહેતા ગરમી લાગતા સફાળા જાગી ગયા હતા. નાગરીકોએ માત્ર પોતાના જ વિસ્તારમાં લાઈટ ગઈ છે કે અન્ય સેકટરમાં પણ ગઈ છે તેની ચકાસણી કરી હતી. જયારે કેટલાક નાગરીકો લાઈટ ન આવે ત્યાં સુધી ઘરની બહાર સોશ્યલ મિડીયામાં ખોવાઈ ગયા હતા. ટોરેન્ટ તંત્રને ફોન કરતા સમય લાગશે તેવો જવાબ મળતા નાગરીકો પણ અચંબામાં પડી ગયા હતા. ટોરેન્ટ પાવરના કર્મચારીઓએ માત્ર ૩૦ મીનીટમાં વિજ પુરવઠો કાર્યરત કરી દેતા નાગરીકોએ હાશકારો અનુભવ્યો હતો.

## આઈ લવ માય ગાંધીનગર



**સ્નેહલ ડાભી**
વ્યવસાયી

**ગાંધીનગર ગમે**
કુદરતી સુંદરતા, સુંદર લોકો અને હરિયાળીને કારણે ગાંધીનગર શહેર ખૂબ ગમે છે.

**નગરજનો**
શિક્ષિત, સંસ્કારી, કલાપ્રેમી, સેવાભાવી અને પારકાંને પોતાનાં કરી લેનારા સ્નેહાળ નગરજનો આ નગરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
સેવા, કલા અને સંસ્કૃતિ માટે થતી પ્રવૃત્તિઓ ગમે છે.

ગ્રો ફાઉન્ડેશન, પ્લગ ઈન્સ એન્ટરટેઈનમેન્ટ, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ, જી ઈ કલબ જેવી સંસ્થાની પ્રવૃત્તિઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**
સ્વચ્છતા, જાહેર શિસ્ત અને સમાજ ઉપયોગી કાર્યોમાં યુવાઓની ભૂમિકા વધે તેવા પ્રયાસો કરવાની આવશ્યકતા જણાય છે.

**નગર માટે હું કરી શકું**
વ્યક્તિ વિકાસ માટેનાં કાર્યો માટે મારી સઘળા પ્રકારની સેવાઓ આપવા હું તૈયાર છું.

# ભાટ નદીમાં ડુબી જતા કુબેરનગરના યુવાનનું મૃત્યુ

## દંતાણી કેનાલમાંથી માનવ હાડપીંજર મળી આવતા ચકચાર

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર આસપાસ બે અલગ અલગ વિસ્તારોમાં પાણીમાં ડુબી જવાથી બે યુવાનોના મૃત્યુ થયા હોવાની વિગતો ધ્યાને આવી છે. ગઈ રાત્રે ભાટ નદીમાંથી અમદાવાદના કુબેરનગર વિસ્તારના ડુબી ગયેલા યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો તો બીજી તરફ અડાલજ નજીક દંતાણી નર્મદા કેનાલમાંથી એક બિનવારસી માનવ હાડપીંજર મળી આવતા ચકચાર મચી જવા પામી છે. બંને અકસ્માત મોતના ગુના દાખલ કરી પોલિસે તપાસ તેજ બનાવી છે.

મળતી માહિતી મુજબ ગઈ સાંજે અમદાવાદ કુબેરનગર ભાર્ગવ રોડ વિસ્તારમાં રહેતો ૨૦ વર્ષીય યુવાન રૂપેશ બળવીરસિંહ તોમર નાના ચિલોડાથી ભાટ સાબરમતી નદીમાં કોઈ કારણોસર ડુબી ગયો હતો. મોડી સાંજે ભાટ નદીમાંથી રૂપેશ તોમરનો મૃતદેહ મળી આવતા ઈન્ફોસીટી પોલીસે મૃતદેહ પી.એમ. કરાવી કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે તો બીજી તરફ ગઈ મોડી સાંજે અડાલજ નજીક દંતાણી કેનાલમાંથી એક માનવ હાડપિંજર મળી આવ્યું હતું. શરીરે જીન્સ પેન્ટ અને ટીશર્ટ ઉપરાંત સ્પોર્ટસ શુઝ હતા. ૧૫ દિવસથી વધુ સમયથી કેનાલમાં મૃતદેહ પડયો હોય અને કોહવાઈને હાડપીંજર થઈ ગયું હોય તેવી શકયતા છે. ઓળખ થઈ શકે તેવા એક પણ અંશ નથી. અડાલજ પોલીસે ડીએનએ કરાવી તેની ઓળખ માટે તજવીજ શરુ કરી છે.

# ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની નવી ડીરેક્ટરી પ્રસિદ્ધ કરાશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ ગાંધીનગર શહેરી વિસ્તારમાં રહેતા ગુજરાત, કેન્દ્ર સરકારની સેવામાંથી નિવૃત થયેલ તેમજ તા. ૩૦મી જૂન ૨૦૧૭ સુધીમાં નિવૃત્ત થનાર પેન્શનરોની વિગતોનો સમાવેશ કરતી અદ્યતન ડીરેક્ટરની છઠ્ઠી આવૃત્તિ ચાલુ વર્ષે ૨૦૧૭માં પ્રકાશિત કરવાની કાર્યવાહી ચાલુ કરવામાં આવેલ છે. સરકારની સેવામાંથી નિવૃત્ત થયેલ હોય અને હજુ સુધી ગાંધીનગર શહેર પેન્સનર્સ સમાજ સાથે ન જોડાયેલા આવા પેન્શનર મિત્રોને જણાવવાનું કે સંસ્થાના પદાધિકારીઓ કાર્યવાહક સમિતિના સભ્યોનો રૂબરૂ સંપર્ક કરી અથવા કોષાધ્યક્ષ પ્રદિપભાઈ સી. ભટ્ટ પ્લોટ નં. ૧૬૪/૨ સેક્ટર-૬-બી મો. ૭૬૦૦૭૪૧૨૫૭ અને પી.પી.ઓ.ની નકલ તથા આજીવન સભ્ય ફી રૂ. ૨૦૦ સાથે તા. ૧૫મી જુલાઈ સુધીમાં સંપર્ક કરવા પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિએ જણાવેલ છે.

# સુઘડ સ્વચ્છતા સંસ્થાનની મહિલાઓ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની મુલાકાતે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના સે-૨૦માં ચિલ્ડ્રન યુનિ. ખાતે સુઘડ સ્થિત પર્યાવરણીય સ્વચ્છતા સંસ્થાનમાં પ્રશિક્ષણ માટે આવેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આંગણવાડી કાર્યકર મહિલાઓ તથા સંસ્થાનના કર્મચારીઓએ સંયોજક દેવેન્દ્ર પારેખ સહિત મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન મહિલાઓને તપોવન સંશોધન કેન્દ્રની પ્રવૃત્તિઓથી વાકેફ કરવામાં આવી હતી.

આ પ્રસંગે ચિલ્ડ્રન્સ યુનિ.ના રજિસ્ટ્રાર કમલામની રાવે યુનિવર્સિટીના કાર્યક્ષેત્ર અંગે માહિતગાર કર્યા હતા. જેમાં તેમણે ગર્ભાવસ્થાથી પ્રારંભ કરીને ૧૮ વર્ષ બાળકના વિકાસ માટે યોગદાન આપતી આ એશિયાની પ્રથમ યુનિવર્સિટી હોવાનું જણાવ્યું હતું. સંશોધન વિભાગના આસીસ્ટન્ટ પ્રોફેસર ડૉ. અશોક પ્રજાપતિએ યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો અંગે માહિતી પુરી પાડી હતી. પ્રાંત સંયોજક તર્પણાબેન વ્યાસે તોપવન સંશોધન કેન્દ્રમાં ચાલતી પ્રવૃત્તિઓ, અંગે સમજ આપવા સાથે વિડિયો નિદર્શન કર્યું હતું. કેન્દ્રના પ્રકલ્પ સંયોજક વિમળાબેન સોંલકીએ સગર્ભા મહિલાઓ માટેના યોગ-પ્રાણાયામ તથા ગર્ભસંવાદની પ્રવૃત્તિનું નિદર્શન કર્યુ હતું. આ પ્રસંગે દેવેન્દ્ર પારેખે તેમના સંસ્થાનની પ્રવૃત્તિઓ અંગે પણ માહિતી આપી હતી. શિશુ પરામર્શન કેન્દ્રના દિવ્યાબેન રાવળે ત્રણ વર્ષ સુધીના બાળકોને પહેરાવવાના કપડાં, રમકડાં તથા ઘોડિયાનું મહત્વ સમજાવ્યું હતું. મહિલાઓએ મુલાકાત અંગે હકારાત્મક પ્રતિભાવ વ્યકત કર્યો હતો.



## ચિરવિદાય

- સ્વ. રાજાબેન બાબુભાઈ કડવાતર, ઉ.વ. ૬૦
- સ્વ. હઠીજી માનાજી સોલંકી, ઉ.વ. ૮૦
- સ્વ. ચંદાબેન ગાભાજી ઠાકોર, ઉ.વ. ૮૦
- સ્વ. સોની અમૃતલાલ છોટાલાલ, ઉ.વ. ૭૯